# એફ.એસ.એસ.એ.આઈ. (FSSAI) અધિકારી

ભારતીય ખાદ્ય સંરક્ષા અને માનક પ્રાધિકરણ (ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા- FSSAI) એ ભારત સરકારને આધીન એવી એક સ્વાયત્ત સંસ્થા છે જે ખાદ્ય સુરક્ષા અને માનકોને પ્રોત્સાહન આપે છે. દર વર્ષે, એફ.એસ.એસ.એ.આઈ. નોકરીની ખાલી જગ્યાઓની યાદી બહાર પાડે છે, અને સી.બી.ટી. પરીક્ષા દ્વારા ભરતી કરે છે. જેમાં આઈ.ટી. આસિસ્ટન્ટથી લઈને ફૂડ સેફ્ટી ઓફિસર સુધીના પદો માટેની જગ્યાઓ હોય છે. આ જવાબદારીઓમાં લાયસન્સ જારી કરવાથી લઇને ખાદ્યપદાર્થોના નમૂનાઓનું વિશ્લેષણ કરવા માટે વહીવટી સહાય પૂરી પાડવાનો સમાવેશ થાય છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો
- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાત કરી શકો છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવું તમને પસંદ છે

## ફી

ફૂડ એન્જિનિયરીંગ અથવા ફૂડ ટેક્નોલોજી અથવા ફૂડ સાયન્સ અથવા ફૂડ સાયન્સ અને ટેક્નોલોજી અંગેના અભ્યાસક્રમની વાર્ષિક ફી આશરે **રૂ. ૧૫,૦૦૦ થી ૧૬,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. ફૂડ ટેક્નોલોજી / ડેરી ટેક્નોલોજી / બાયોટેક્નોલોજી / ઓઈલ ટેક્નોલોજી / ફૂડ પ્રોસેસ એન્જિનિયરીંગ / વેટરનરી સાયન્સ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતક પૂર્ણ કરી સમાન અથવા સંલગ્ન વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

ફૂડ ટેક્નોલોજી / ડેરી ટેક્નોલોજી / બાયોટેક્નોલોજી / ઓઈલ ટેક્નોલોજી / ફૂડ પ્રોસેસ એન્જિનિયરીંગ / વેટરનરી સાયન્સ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં ડિપ્લોમા કરો અથવા

ડિપ્લોમા પૂર્ણ કર્યા બાદ, સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં પોસ્ટ-ગ્રેજ્યુએશન ડિપ્લોમા કરો

૩. કમ્પ્યૂટર આધારિત કસોટી ૧ ? CBT ૨ પાસ કરો (તમામ હોદ્દાઓમાં પરીક્ષાના બીજા રાઉન્ડનો સમાવેશ થતો નથી)

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

એક એફ.એસ.એસ.એ.આઈ. અધિકારીનું માસિક વેતન **રૂ. ૨૫,૦૦૦ થી ૨,૧૮,૨૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://sites.fssai.gov.in/fssaideputation/files/advertisement.pdf/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતભરમાં આવેલી એક એફ.એસ.એસ.એ.આઈ.ની કચેરીઓ

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઓફિસમાં કામ કરશો. તમારે ટીમને સંભાળવાની રહેશે નહીં. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. આ નોકરી બદલીપાત્ર હોય છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ → આસિસ્ટન્ટ મેનેજર → એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર → સેન્ટ્રલ ફૂડ સેફટી ઓફિસર → ટેકનિકલ ઓફિસર → ડેપ્યુટી મેનેજર → મેનેજર → ફૂડ એનાલિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એફ.એસ.એસ.એ.આઈ. રીક્રુટમેન્ટ, એફ.એસ.એસ.એ.આઈ. વેકન્સિસ, ફૂડ સેફ્ટિ ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ફૂડ ટેકનોલોજી વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૨. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૩. તેજપુર યુનિવર્સિટી, તેજપુર
૪. અલગપ્પા કોલેજ ઓફ ટેકનોલોજી, ચેન્નાઈ
૫. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. વૉ ઈન્સ્ટિટ્યુટ ઑફ એગ્રીકલ્ચરલ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, અલ્હાબાદ
૭. એએયુ, આણંદ
૮. એન.આઈ.ટી., રાઉરકેલા
૯. આઈ. કે. ગુજરાલ પંજાબ ટેકનિકલ યુનિવર્સિટી, કપૂરથલા
૧૦. મૌલાના અબુલ કલામ આઝાદ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, કોલકાતા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. સિંઘાનિયા યુનિવર્સિટી, ઝુંઝુનુ
૨. ડૉ ડી.વાય. પાટીલ બાયોટેકનોલોજી અને બાયોઇન્ફોર્મેટિક્સ ઈન્સ્ટિટ્યુટ, નવી મુંબઈ
૩. ધનલક્ષ્મી શ્રીનિવાસન એન્જિનિયરીંગ કોલેજ, પેરમ્બલુર
૪. મુસલિયાર કોલેજ ઓફ એન્જિનિયરીંગ, તિરુવનંતપુરમ
૫. જયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, કાંચીપડી
૬. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૭. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૮. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૯. કારુણા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, કોઈમ્બતુર
૧૦. બલ્લારપુર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, મહારાષ્ટ્ર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=food/
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

***એન.પી.ટી.ઈ.એલ.**-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

ઈશાની રોય વર્ષ ૨૦૧૮ થી ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફ.એસ.એસ.એ.આઈ.) માં ફૂડ સેફટી ઓફિસર છે. તેણીએ ઉત્તર બંગા કૃષિ વિશ્વવિદ્યાલય, પશ્ચિમ બંગાળમાંથી બાગાયતમાં બી.એસ.સી.ની પદવી હાંસલ કરી છે.*

સ્રોત:https://www.quora.com/profile/Ishani-Roy-50

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.